ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ... તમે 'મન કી બાત' કરી ત્યારે દેશવાસી ખુશ હતા... પછી 'ધન કી બાત' કરી ત્યારે... ત્યારે બધા ડરી ગયા... હવે તમે 'ધનાધન'ની વાત કરી જ દો તો પાછી પ્રજા ખુશ થઈ જશે...!!**

## કુપોષણ નાબુદી થકી સ્વસ્થ અને શિક્ષિત સમાજની રચનાનો માર્ગ મોકળો થશે : દેવાંગ દેસાઈ

### કુપોષણ મુક્તિ અભિયાન એ સહિયારા પુરૂષાર્થનું અભિયાન છીએ જાગૃતતા સાથે આ માટે સંકલ્પ કરીએ : રામાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૨૬

કુપોષણ મુક્તિ અભિયાનમાં તંત્રની સાથે સાથે સમાજ પણ જોતરાય તે જરૂરી છે. આ અભિયાન સહિયારા પુરૂષાર્થનું અભિયાન છે તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આજે કલોલ તાલુકામાં કુપોષણ મુક્તિ અભિયાનના આરંભમાં અતિથિ વિશેષ પદેથી બોલતાં કહ્યું હતું.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે આ અભિયાનનો આરંભ કરાવતાં જણાવ્યું હતું કે કુપોષણ એ સમાજ જીવનનો સૌથી મોટો શ્રાપ છે. આપણે જાગૃત થઈએ એવુ નહિ સૌને જાગૃત કરી અને કુપોષણ મુક્તિ અભિયાનમાં જોડાઈએ.

તેમણે લોક જાગૃતિ પર ભાર મુકતા જણાવ્યુ હતુ કે આપણા પરિવારમાં કોઈ બાળક કોઈ કુપોષિત હશે નહિ અને સમાજ કે ગામમાંથી ભાવિ પેઢીને કુપોષિત રાખીશુ નહિ તેવો સંકલ્પ લઈએ અને એ દિશામાં કામ કરીએ તે જ આજના પ્રસંગની શોભા વધારશે.

જિલ્લા વિકાસ અધિકારીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે આ પ્રોજેક્ટમાં જથ્થો ખુટ્યો, તકલીફ છે ડોક્ટર નથી એ બધી જ સમસ્યાઓનું નિરાકરણ થાય અને બાળકનું રોજેરોજ તબીબી પરીક્ષણ થાય તેવી વ્યવસ્થા ગોઠવી છે. તેમણે જણાવ્યુ કે પૂરક પોષણ માટેનો તમામ જથ્થો તાલુકામાં ફાળવી દેવામાં આવ્યો છે.

બાળકને કેટલા વાગે ભોજન અપાશે તેની વિગતો પણ તમને લેખિતમાં અપાઈ છે. તેમણે પણ આ અભિયાનમાં સૌને સહયોગ આપવા સાથે સહિયારા પુરૂષાર્થની અપીલ કરી જણાવ્યું હતુ કે તાલી પાડવા માટે પણ બે હાથની જરૂર પડે છે. એક હાથ તંત્રનો તો બીજો હાથ સામાજિક જાગૃતતાનો. આપણે નવી પેઢીને વધાવવા તાળીયોનો નાદ માત્ર નથી કરવાનો પણ સ્વસ્થ, સમરસ અને સબળ સમાજની રચના કરવાની છે.

તેમણે આ અભિયાનમાં સૌ સરપંચોને લખેલા પત્રની જાણકારી આપી જણાવ્યુ હતુ કે શિક્ષિત, સ્વસ્થ બાળક બનાવવા આપણે તિથી ભોજન આપીએ, બાળકને દૂધ આપવાનો સમૃદ્ધ સહકારી સંસ્થાઓના સહયોગથી પ્રોજેક્ટ લાવીએ તે પણ જરૂરી છે. શિક્ષણની સાથે સ્વસ્થતા પણ બાળકને આપીએ જેથી ઉજ્જવળ આવતીકાલ સમરસ સમાજના નિર્માણમાં સહભાગી બની શકે.

આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ છાયાબેન ઉપાધ્યાય, ડૉ. ભાવનાબેન પટેલ, તા.વિ. અધિકારી પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મેડીકલના મેનેજમેન્ટ ક્વોટાની તમામ બેઠકો ભરાઈ ગઈ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત સાત અને ખાનગી અન્ય મેડીકલ કોલેજો માટે મેડીકલમાં મેનેજમેન્ટ ક્વોટાની ૩૯૬ બેઠકો માટે આજે ગાંધીનગર હોસ્પિટલ સંકુલમાં આવેલા ઓડીટોરીયમ ખાતે કાઉન્સીલીંગ કરવામાં આવ્યું હતું. આ કાઉન્સીલીંગની પ્રક્રિયાના પ્રથમ ચાર કલાકની અંદર ૬૦૨ મેરીટની સામે તમામ ૩૯૬





બેઠકો મેડીકલ ક્ષેત્રની ભરાઈ જવા પામી હતી. ત્યાર બાદ ડેન્ટલના એડમીશન અંગે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજની બાકી રહેલી ૧૭ બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો છે.

રાજ્યની સોસાયટી હસ્તકની તેમજ ખાનગી મેડીકલ કોલેજોમાં આખરે મેનેજમેન્ટ ક્વોટા અંગે કોર્ટની મંજુરી બાદ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાઈ છે. ત્યારે આજે ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડીટોરીયમ ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાના - ૭ પર

## રમણલાલ વોરાની જન્મદિવસની અનોખી ઉજવણી

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ ૬૫મા જન્મદિન નિમિત્તે માનવસ્મૃતિ ટ્રસ્ટની મુલાકાત લીધી હતી. જન્મદિવસની ઉજવણી નિમિત્તે અનાથ અને માનસિક રીતે વિશિષ્ટ બાળકોને ભોજન કરાવી ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિગમના ચેરમેન રમેશભાઈ સોલંકી, વણકર સમાજના પ્રમુખ મધુકર પરમાર અને આગેવાનો મોહનભાઈ, બેચરભાઈ, સતીષભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અંતે ટ્રસ્ટના સંચાલકોએ રમણલાલ વોરાનું સન્માન કર્યું હતું.



## ગાંધીનગર જિલ્લા મહેસુલી મંડળ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરાઈ

ગાંધીનગર જિલ્લા મહેસુલી મંડળ દ્વારા આજરોજ ઉરીક્ષેત્રનાં વીર શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કલેકટર કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ શ્રદ્ધાસુમન કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કલેકટર સતીષ પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી નિશાબેન શર્મા, ચીટનીસ ખોખરીયા અને કલેકટર કચેરીનો સ્ટાફ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. શ્રદ્ધાજલી કાર્યક્રમ બાદ મંડળના પ્રમુખ વીરમભાઈ દેસાઈ દ્વારા વીર શહીદોના પરિવારને મદદ કરવાના ઉમદા આશયથી કલેકટરને રૂ.૧,૧૧,૧૧૧/-નો ચેક આપવામાં આવેલ હતો.

## શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય મેળવવા ઉપવાસ પર બેઠેલા ઉપવાસીની તબિયત લથડી

ગાંધીનગર શહેર સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ગત તા. ૨૫ સપ્ટેમ્બરથી અમરેલી જિલ્લાના કેટલાક ગામના દલિત સમાજના પરિવારો ન્યાય અને પડતર માંગણીઓને અનુલક્ષી ઉપવાસ પર ઉતર્યા છે. જેમાં ગઈકાલે રાત્રીના સુમારે નિગાખાના ધનીબેનની તબિયત અચાનક લથડતા તાત્કાલિક છાવણી ખાતે ૧૦૮ બોલાવીને ધનીબેનને વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં તેણીને સારવાર આપવામાં આવી હતી. રાજ્યના વિવિધ જિલ્લાના કેટલાક ગામોના પીડીતો કે જેઓ છેલ્લા કેટલાક સમયથી જાતિગત ભેદભાવના કારણે અત્યાચારનો ભોગ બન્યા છે. અને પોતાના વતનથી હિજરત કરવાની ફરજ પડી છે. ઉના દલિતના વિરોધમાં અમરેલીમાં રેલી યોજાઈ હતી. આ રેલીમાં પેદા થયેલી અશાંતિને કારણે અમારા પરિવારના સ્વજનોને ખોટા કેસમાં સંડોવીને જેલમાં ધકેલી દીધા છે. તેમ પિડીત ધનજીભાઈ જણાવી રહ્યા છે. વિવિધ જિલ્લાના પિડિત પરિવારો તા. ૨૫ સપ્ટેમ્બરથી સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય મેળવવા માટે ઉપવાસ આંદોલન ચલાવી રહ્યા છે. જેમાંથી ગઈકાલે ધનીબેનની તબિયત લથડતા ૧૦૮ દ્વારા ગાંધીનગર હોસ્પિટલ લઈ જવાયા હતા.

## દેશી ગાયોનું દૂધ ઉત્તમ ગુણવત્તા ધરાવે છે : પ્રો. એમ.સી. વાષ્ણેય

ગાંધીનગર, તા. ૨૬

કામધેનુ યુનિવર્સિટી-ગાંધીનગરના ઉપક્રમે બાવળા તાલુકાના રોહિકા ગામ ખાતે મહિલા પશુપાલકો માટે આદર્શ પશુપાલન મહિલા તાલીમ શિબિર તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ને રવિવારના રોજ યોજાયેલ. આ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ પ્રો. એમ.સી. વાષ્ણેય, હરિયાણા રાજ્યના પૂર્વ કમિશનર મોહનસિંહ આહલુવાલિયા, કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી.એચ. વાટલીયા, પ્રોજેક્ટ ઓફિસર ડૉ. પી.પી. પટેલ, તથા રોહિકા ગામના સરપંચ રઘુભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં રોહીકા ગામની મહિલા પશુ પાલકોએ બહોળી સંખ્યામાં ભાગ લઈ આદર્શ પશુપાલનના વિવિધ વિષય નિષ્ણાંતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતુ અને પશુપાલનને લગતા તેમના રોજ બરોજના પશુપાલન અંગેના પ્રશ્નોનું નિરાકરણ માટે માર્ગદર્શન મેળવ્યુંહતુ.

આ પ્રસંગે કામધેનુ યનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક કચેરી દ્વારા તૈયાર થયેલ પશુપાલકોને મુંઝવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ અને પશુપાલકોને મુંઝવતા પશુ પ્રજનનલક્ષી પ્રશ્નો અને તેનું નિરાકરણની માહિતી પત્રિકાઓનું કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. એમ.સી. વાષ્ણેય વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિએ રોહીકા ગામના પશુપાલકોને કામધેનુ યુનિવર્સિટીની ભવિષ્યની કાર્ય યોજનાઓનો ચિતાર આપ્યો હતો અને રાજ્યના દેશી પશુઓના દૂધની ઉચ્ચ ગુણવત્તાના સ્વાસ્થ્યપ્રદ લાભો સમજાવ્યા હતા અને દેશી ગાયોના દૂધને અલગથી પેકિંગ કરી વધુ સારી કિંમત મળી શકે તેમ જણાવ્યું હતું.



તાજેતરમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની રાજ્યભરની સાત કંપનીઓના કર્મચારીઓની રાજ્યકક્ષાની સંગીત-નાટ્ય સ્પર્ધા નવસારી ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગઝલ ગાયન વિભાગમાં ગાંધીનગરના યુજીવીસીએલના કર્મચારી તથા સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કમલેશ સિસોદિયાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શહેરનું નામ રોશન કર્યુ છે. કમલેશ સિસોદિયાએ આ સ્પર્ધામાં નાટકમાં પણ ભાગ લઈ મહિલાનું પાત્ર ભજવી તેમની અભિનય ક્ષમતા પ્રદર્શિત કરી હતી. કમલેશ સિસોદિયા પર પરિવારજનો, મિત્રો તથા સહકર્મચારીઓ દ્વારા અભિનંદનની વર્ષા કરવામાં આવી હતી.

## ગાંધીનગર-મહેસાણા રૂટની સવારની બસ બંધ થતા વિદ્યાર્થીઓમાં રોષ

### બસ શરૂ નહીં કરવામાં આવે તો ૧૦મીએ ઉપવાસ આંદોલનની ચિમકી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર મહેસાણા રૂટની સવારની બસ છેલ્લા એક મહીનાથી બંધ થતા વિદ્યાર્થીઓને હાલાકી વેઠવી પડે છે. આસાપાસના રાંધેજા, પેથાપુર, બાલવા, ઉનાવા તેમજ આમજા સહીતના ગામોમાંથી રોજ અપડાઉન કરતા વિદ્યાર્થીઓ બસ સેવા છીનવાતા આગામી તા ૧૦ ઓકટોબરના રોજ ગાંધી ચિંધ્યા માર્ગ લડત આપશે.

ગાંધીનગર થી મહેસાણા રૂટની બસ રોજ સવારે ૬ કલાકે નિયત રૂટમાં દોડતી હોવાથી વિદ્યાર્થીઓને યોગ્ય સમયે બસ સેવા ઉપલબ્ધ થતી હતી . પરંતુ છેલ્લા એક મહીનાથી આ બસ અચાનક જ બંધ કરી દેવાતા વિદ્યાર્થી વર્ગને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ બસમાં ગાંધીનગર આસપાસના ઉનાવા, રાંધેજા, પેથાપુર, આમજા, બાલવા, ઘેધુ, અને બોરુ ગામના વિદ્યાર્થીઓ રોજ બરોજ અપડાઉન કરતા હતા. પરંતુ છેલ્લા એક મહીનાથી બસ બંધ કરી દેવાતા વિદ્યાથીઓમાં રોષ વ્યાપ્યો છે. આ બસનુ સંચાલન મહેસાણા ડેપોથી થતુ હતુ. જયારે આ બસ ત્વરિત શરૂ કરાવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. વિદ્યાર્થીઓની માંગણી સંતોષવામાં નહીં આવે તો આગામી તા ૧૦ ઓક્ટોબરના રોજ આમજા ગામ પાસે માર્ગ વચાળે જ ઉપવાસ આંદોલનનો કાર્યક્રમ યોજાશે તેવી ચિમકી પણ વિદ્યાર્થીઓએ ઉચ્ચારી છે.

## નવરાત્રીમાં ઓક્સોડાઈસના આભૂષણની ફેશન ગઈ

નવરાત્રીમાં મહિલાઓ માટે વર્ષોથી ચાલી આવતા ઓકસોડાઈઝના આભુષણોની ફેશન જતી રહી છે. તેનું સ્થાન ગોલ્ડ અને સિલ્વર મેટલના આભુષણોએ લીધુ છે. જયારે આ વર્ષે કાગળની વોટરપ્રુફ બુટ્ટી તેમજ નેકલેસ બજારમાં ઓન ડિમાન્ડ છે. યુવતિઓ ઓછા વજનની જવેલરી બજારમાં મળતી હોવાથી તેની સૌથી વિશેષ ખરીદી કરી રહી છે.

નવલી નવરાતને અનુલક્ષી ખૈલેયાઓમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. દર વર્ષે નવા ડ્રેસીગ સાથે નવી જવેલરી સાથે ગરબે ઘુમવા અને મિત્ર મંડળમાં છવાઈ જવા યુવાવર્ગ ઉત્સુક હોય છે. ત્યારે યુવાન ખૈલેયાઓની જવેલરી કરતા યુવતિઓની જવેલરી ભારે તેમજ વધુ હોય છે. નવરાત્રીમાં મહિલાઓની જવેલરી ભાડે આપવાનો વેપાર કરતા મંગલમના સંચાલક કિષ્નાબેન જણાવે છે કે આ વર્ષે નવરાત્રીમાં ઓકસોડાઈઝની જવેલરીની ફેશન જતી રહી છે. તેનું સ્થાન ગોલ્ડન અને સિલ્વર મેટલની જવેલરીએ લીધુ છે. જેમાં બહેનોની જવેલરીમાં ટીકો, નથણી , બુટ્ટીઓ, કાનસેર, બલોયા, બાજુબંધ, હાથીદાંતની ચુડી, કંદોરો, ઝુડો, પગમાં કડું તેમજ શુસોભિત છત્રીનો સમાવેશ થાય છે. જયારે યુવતિઓ ડ્રેસને અનુરુપ લોંગ તેમજ શોર્ટ સેટ પહેરે તો અનોખો ગેટઅપ આવે છે. જયારે ગોલ્ડન અને સિલ્વર મેટલની જર્વેલરીમાં બ્રાઈટનેસ તેમજ પહોળાઈ વધુ હોવાથી બહેનોને વધુ પસંદ આવે છે. જયારે બહેનો અવનવા આભુષણોથી ઢંકાયેલી જોવા મળે છે જેને પરિણામે વજન વધી જતા ગરબે ઘુમવામાં પણ પરેશાની કેટલીકવાર ઉભી થવા પામે છે. ત્યારે આ વર્ષે નવરાત્રીમાં કાગળની વોટરપ્રુફ બુટ્ટી, નેકલેસ સહિતની ચીજવસ્તુઓ બજારમાં ઉપલ્બધ છે. કાગળની ચીજવસ્તુઓ ઓછાવજન તેમજ આકર્ષક લાગતી હોવાથી તેમજ ટકાઉ હોવાથી ડ્રેસને અનુરુપ આભુષણોની ખરીદી યુવતિઓ કરે છે. ત્યારે નવરાત્રીમાં યુવતિઓ વિવિધ અવનવા આભુષણો સાથે ગરબે ગુમવા થનગની રહી છે. ત્યારે આભુષણો ખરીદવા સે-૭ સી ૮૯૫-૧ખાતેયુવતિઓની ભારે ભીડ જામે છે.

# દહેગામ-બાયડ માર્ગના રાજકીય અન્યાય સામે ગાંધીનગરમાં ઉગ્ર રજૂઆત

### બાયડથી ૭૦ ગાડીઓમાં આગેવાનો ગાંધીનગર પહોંચ્યા : નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના નેતૃત્વમાં ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

દહેગામ બાયડ રોડની બિસ્માર અને ડિસ્કો રોડ જેવી હાલતના પગલે બન્ને તાલુકાના પ્રજાજનો અને વાહનચાલકો ૪૪ કિમી માર્ગપરથી પસાર થતા રીતસરના ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. બાયડના ધારાસભ્ય દ્વારા બાયડ-દહેગામ રોડની જર્જરીત હાલત અને રોડનું વાઈડીંગ કામ તેમજ પેવર સપાટી નવી કરવા વારંવાર રાજ્ય સરકાર અને માર્ગ મકાન વિભાગ મંત્રી નીતિન પટેલને રજૂઆત કરવા છતાં ગુજરાત રાજ્ય સરકાર અને માર્ગ મકાન વિભાગ દ્વારા રાજકીય કિન્નાખોરી રાખી કે અન્ય કારણોસર દહેગામથી ભુડાસણ સુધીનો રોડને મંજુરી આપી અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા ૨૨ કીમી રોડને મંજુરી ન અપાતા સોમવારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ સાથે મળીને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને રજૂઆત કરી નક્કર કાર્યવાહિ કરવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



બાયડના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા દ્વારા દહેગામ-બાયડ સુધીનો આશરે ૪૪ કીમીનો માર્ગની બિસ્માર હાલત અને પ્રજાજનોને પડતી તકલીફો તેમજ રોડ પર પડેલા મોટા મોટા ખાડાઓથી સર્જાતા અકસ્માતના પગલે માર્ગ અને મકાન વિભાગ તંત્રમાં વારંવાર રજૂઆત કરવા છતા તેમજ વિધાનસભા બજેટ સત્રમાં પણ બાયડ-દહેગામ હાઈવેના ૪૪ કિમી બિસ્માર હાલત અંગે તારાંકિત પ્રશ્ન પુછતા તેના જવાબમાં ગુજરાત માર્ગ મકાન વિભાગના મંત્રી નીતિન પટેલ દ્વારા આ હાઈવે "રસ્તો વાહનવ્યવહાર લાયક" હોવાનું જણાવી બાયડના પ્રજાજનો સાથે અન્યાય કર્યો હતો. ધારાસભ્ય દ્વારા નીતિન પટેલના કાર્યાલયમાં રૂબરૂ મળી પુનઃ રજૂઆત કરતા મંત્રી દ્વારા યોગ્ય ન્યાયની ખાતરી આપી હતી. છતાંય બાયડ-દહેગામ રોડનું સમારકામ ન થતા આ રોડ પરથી પસાર થતા વાહનચાલકો તેમજ સ્થાનિકો અનો બાયડ તેમજ દહેગામના પ્રજાજનોએ આંદોલનની ચીમકી આપતા નીંદ્રાધીન સરકારી તંત્ર હરકતમાં આવી ગયુ હતુ અને ગાંધીનગર જિલ્લાની હદમાં આવતા ભૂડાસણથી દહેગામ સુધીના ૨૨ કીમી રસ્તાને મંજુરી આપી અરવલ્લી જિલ્લામાં આવતા બીજા ૨૨ કીમી રસ્તાને મંજુર ન કરતા અરલ્લી જિલ્લાના પ્રજાજનોને બાયડ તાલુકાના રહીશોને અન્યાય થતા બાકી રહેતા ૨૨ કીમી માર્ગનું વાઈડીંગ સહિત નવી પેવર સપાટી કરવા તાકીદ કરી આવેદન પત્ર આપી ૨૨ કીમી રસ્તા અંગે તાબડતોડ યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને માર્ગ મકાન વિભાગ મંત્રી નીતિનભાઈ પટેલને સોમવારે આપવામાં આવેલા આવેદન પત્રમાં બાયડના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલાની સાથે અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસીંહ



બારૈયા, ગુજરાત કોંગ્રેસ પ્રદેશ મંત્રી અરૂણભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સદસ્યો સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રેડ યુનિયન એસોસિએશને સફાઈ કામદારની ધરપકડને વખોડી

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરી સામે શાંતિપૂર્વક દેખાવો કરી રહેલા સેંકડો સફાઈ કામદારોતેમજ અન્ય સંગઠનોના કાર્યકરોની ધરપકડને વખોડી કાઢતો નેશનલ ફેડરેશન ઓફ ટ્રેડ યુનિયન્સના પ્રમુખ અશોક પંજાબી અને મહામંત્રી બી.એચ. દેસાઈએ જણાવ્યુ છે કે કામદાર ગરીબ તેમજ દલિત વિરોધી સરકાર હવે વિનાશકાળે વિપરીત બુદ્ધિ તરફ પ્રયાણ કરી રહી છે. શ્રમિકોની આવી નિર્લજતાપૂર્વક ધરપકડ કરવાથી તેમનુ આંદોલન વધુ વેગવાન બનશે. આવતીકાલે શહેર પોલીસ કમિશનર અનેમ્યુનિસિપલ કમિશનરને ધરપકડના વિરોધમાં આવેદનપત્ર આપવામાં આવશે.

શ્રમિકોની સાથોસાથ જીગ્નેશ મેવાણી અને અમરીશ પટેલની ધરપકડનોપણ નેશનલ ફેડરેશને વખોડી કાઢી છે તેમ યુનિયનના બી.એચ. દેસાઈએ જણાવ્યું છે.


**નામ બદલેલ છે**

મે મારું નામ ભટ્ટ રીંકુ ભુપેન્દ્રકુમાર હતું તે બદલીને ભટ્ટ રીદ્ધી ભુપેન્દ્રકુમાર રાખેલ છે.

સરનામું : ૧૫૫ - પ્રભુદીપ, સહકાર કોલોની, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૪